## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી, હું નવા જમાનાનો છું... હું હીસ્ટ્રી બનાવતા નથી શીખ્યો... મને હીસ્ટ્રી ડિલીટ કરતા જ આવડે...!!

# શહેરમાં તહેવારના ટાણે બજારમાં ભીડ, નાગરિકો પાર્કિંગના મામલે તોબા

### કોર્મશિયલ વિસ્તારમાં આડેધડ વાહનોનો ખડકલો : ટ્રાફિક જામના દ્રશ્યો

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી અને વોક વે પર અસ્તિત્વમાં આવેલા દબાણોના લીધે પાર્કીંગના મામલે નાગરિકો ગોથે ચઢી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે એકબાજુ માર્ગો સુધારણા તેમજ અન્ડર પાસની કામગીરીના લીધે ટ્રાફિકનો રૂટ પણ બદલાયો છે ત્યારે તહેવાર ટાંણે બજારમાં વધતી ભીડ વચ્ચે પાર્કીંગ વ્યવસ્થાની કંગાળ હાલતના લીધે વાહનચાલકોએ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે.

શહેરના સેકટરોમાં હાલ એકબાજુ માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા છે. નગરના ગ માર્ગ પર વાઇડનીંગની કામગીરી ચાલી રહી છે. જયારે ઘ માર્ગ પર અન્ડરપાસનુ કામ પણ પુરજોશમાં ચાલી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ગ માર્ગ પર આસપાસ ખાડા ખોદાયેલા છે. જેના લીધે કોર્મશિયલ વિસ્તારમાં પણ વાહન પાર્કીંગની સમસ્યા શિરદર્દ સમાન બની છે. દિવાળીના તહેવારોમાં આમ પણ બજારમાં ભીડ વધી છે. ત્યારે પાર્કીંગની સમસ્યા વધુ પેચીદી બની છે. શહેરના સેકટરોમાં સ્થિત કોર્મશિયલ કોમ્પ્લેક્ષ આસપાસ પણ આડેધડ પાર્કીંગના લીધે વાહનચાલકો પણ મુંઝવણમાં મુકાય છે. સે-૨૧, સે-૧૧ અને સે-૧૬ માં સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થાય છે. જયારે સે-૨૪ ચોકડી પાસે પણ વાહનોનુ યોગ્ય પાર્કીંગ ન થતા ટ્રાફિકની અવરજવર વધુ મુશ્કેલ બની છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી જોખમાઈ છે.

જયારે પાર્કીંગ વ્યવસ્થાના અભાવ વચ્ચે એકબાજુ માર્ગોનુ કામ પણ ચાલુ હોવાના સાથે પાર્કીંગ પ્લેસ પર ગોઠવાયેલા દબાણો પણ નડતરરૂપ બની રહ્યા છે. આવા સંજોગોમાં ટ્રાફિકની અવરજવર સરળ બનાવવા માટે યોગ્ય પોઈન્ટ પર ટ્રાફિક પોલીસ ગોઠવવામાં આવે તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં સે-૧૧ સે-૧૬ અને સે-૨૧ માં પાર્કીંગની વ્યવસ્થા સદંતર ખાડે ગઈ છે. આવા સંજોગોમાં રોજબરોજ રાહદારીઓ તેમજ મુલાકાતીઓ ગોથે ચઢે છે. માર્ગ સુધારણાની કામગીરીની સાથે તહેવાર ટાંણે કોર્મશિયલ વિસ્તારમાં વધતી ભીડને ધ્યાને લઈ ટ્રાફિકને રેગ્યુલરાઈઝ કરવા માટે પણ કોઈ આયોજન કરવામાં આવતુ નથી જેના લીધે સ્થાનિકોમાં રોષ પ્રવર્તાયો છે.

## ખૂણેખાંચરેથી

- શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ શિષ્યવૃત્તિ અંગેની પરીક્ષાઓના આયોજનને લઈ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.
- સે. ૧૨ માંઆવેલ સ્વધાર ગૃહની આજે મહિલા બાળ વિકાસ કમિશનર મનીષા ચંદ્રા તથા વિવેક શાહ અને રૂચિર ભટ્ટની અધિકારીઓની ટીમે આજે મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલ તથા વિકાસ શાખામાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા રોશની પટેલ કોરોનાને મ્હાત કરી ફરજ પર હાજર થયા છે.
- ગાંધીનગર તા.પં.ની બેઠક આજે ગણતરીની મિનિટોમાં સંપન્ન થઈ ગઈ હતી.
- મંગળવારે રાજ્યની ૮ બેઠકોની પેટા ચૂંટણીની મતગણતરીનો સમય જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ પાટનગરમાં રાજકીય બેઠકોનો ધમધમાટ વધી રહ્યો છે. પાટનગરમાં પરિણામની ઉત્તેજનાઓ પણ સવાર થયેલી જોવા મળી રહી છે.
- જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી તેમજ તેમની ટીમના ડૉ. ચેતન વ્યાસ અને ટીમે કોલવડા કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર સ્માર્ટસીટી પ્રોજેક્ટની આજે બોર્ડ બેઠક કમિશનર ડૉ. રતનકુંવર ચારણના અધ્યક્ષપદે મળી હતી જેમાં હિસાબોને બહાલી અપાઈ હતી તેમજ નવનિયુક્ત ડિરેક્ટરોનું સ્વાગત કરી પૂર્વ ડિરેક્ટરોની સેવાઓ બિરદાવાઈ હતી.

## ઉવારસદમાં વેપારી પર ત્રણ શખ્સોનો હુમલો

ઉવારસદ ખાતે ઘંટી ચલાવતા વેપારી પર ગામના ત્રણ શખ્સો એ હુમલો કર્યો છે. ઘંટી ચલાવતા વ્યકિતએ રાત્રીના સમયે ઓટલા પર નહીં બેસવાનું કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. વેપારીને લાકડી અને ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડતા આ મુદ્દે વેપારીએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઉવારસદ દરવાજાની ખડકી ખાતે રહેતા જૈમીન જયંતિભાઈ પટેલ (ઉં.૪૫) ગુરુવારના રોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં તેઓ પોતાની ઘંટી બંધ કરીને ઘરે જવા માટે નીકળ્યા હતા.તે સમયે ડેરીના ઓટલા પર ગામના પ્રવિણસિંહ ઉર્ફે પઠાણ ઠાકોર બેઠો હતો. જેથી ફરીયાદીએ તેને રાત્રીના સમયે ઓટલા પર નહી બેસવાનું કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો. જેથી સામસામે બોલાચાલી અને ઝઘડો વણસતા આસપાસના વ્યકિતઓ દોડી આવ્યા હતા. જેથી પ્રવિણસિંહે ફોન કરતા તેમનો નાનો ભાઈ મહેશ ઉર્ફે કાલી ઠાકોર, અને ધર્મેન્દ્ર ઉર્ફે ધમો ઠાકોર આવી ગયા હતા. મહેશે વેપારીને ડાબી આંખ તેમજ ડાબા બાવડા પર લાકડીથી માર માર્યો હતો. જયારે ધર્મેન્દ્રએ સ્ટીલની પાઈપ ખભા ઉપર અને કોણીના ભાગે મારી હતી. ત્યારબાદ ત્રણેય જણાએ વેપારીને ગડદાપાટુનો મુઢ માર્યો હતો.



કલોલ તાલુકાના નારદીપુર ગામે આજે ધન્વન્તરી રથ પહોંચ્યો હતો. ૧૦૦ થી વધુ ગ્રામજનોએ રથની સેવાઓનો લાભ લીધો હતો. પલ્સ ઓક્સીમીટરથી ઓક્સીજન કેટલા પ્રમાણમાં મળે છે તેની લોકોએ તપાસ વધારે કરાવી હતી. રથમાંથી આયુર્વેદ ઉકાળાનું પણ વિતરણ કરાયુ હતુ.

## તલાટીને એફિડેવીટ કરવાની સત્તા આપવાના સરકારના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારાયો

ગાંધીનગર,તા.૬

તલાટીને એફિડેવીટ કરવાની સત્તા આપવાના સરકારના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારાયો છે. રાજય સરકારે પંચાયતના તલાટીને વિવિધ ૨૨ દસ્તાવેજોમાં સોગંદનામુ કરવાની સત્તા આપી છે.જેની સામે નોટરી એસોસિએશને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરી છે. તેમા એવી રજૂઆત કરી છે કે,તલાટીનું લાયકાત ધોરણ માત્ર ૧૨ હોવાથી તેમને સોગંદનામા કરવા જેવી અગત્યની જવાબદારી સોંપી શકાય નહીં. સરકારે લીધેલો નિર્ણય અયોગ્ય છે.

આ નિર્ણય રદ કરવા દાદ મગાઈ છે. હાઈકોર્ટે સરકારને નોટિસ પાઠવીને વધુ સુનાવણી દિવાળી બાદ મુકરર કરી છે. નોટરી એસોસિએશને કરેલી જાહેરહિતની અરજીમાં એવી દલીલ કરાઈ છે કે, સરકારે ઓથ એકટ હેઠળ મળેલી સત્તા હેઠળ નક્કી કરેલા ૨૨ દસ્તાવેજોમાં એફિડેવિટ કરી આપવા તલાટીને સત્તા સોંપવાનો પરિપત્ર બહાર પાડ્યો છે.



ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલા વાવોલમાં ગંદકીનો ખૂબ મોટો પ્રશ્ન છે. નિયમિત રીતે સાફસફાઈ ન થતાં જયાં જુઓ ત્યાં કચરાના ઢગલાં જોવા મળે છે. ગામના અગ્રણી શૈલેન્દ્રસિંહ બિહોલાએ ગંદકી બાબતે મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહને રજૂઆત કરતા તેઓએ તાત્કાલિક પગલાં લઈ સફાઈ કાર્ય કરાવ્યું હતું.

## પીરાણામાં બોઈલર બ્લાસ્ટઃ પાંચ પરિવારે હજી સુધી મૃતદેહ સ્વીકાર્યા નથી

અમદાવાદના પીરાણામાં બોઈલર બ્લાસ્ટથી લાગેલી આગ મામલે પાંચ પરિવારે હજી સુધી મૃતદેહ સ્વીકાર્યા નથી. તો બીજી તરફ નારોલ પોલીસે ત્રણ લોકો સામે માનવ વધ સહિતની ફરિયાદ નોંધી છે.

ઉલ્લેખનીય છે કે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી કાર્યવાહી શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે નાનુ કાકા એસ્ટેટના બે માલિક અને કાપડ ફેક્ટરીના માલિક હિતેન સુતરિયા સામે ફરિયાદ નોંધવામા આવી છે.અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી. મૃતકના પરિવારની માગ છે કે, આરોપી સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

## બાલવા ચોકડી પરનું સર્કલ મોટુ કરવા સ્થાનિકોની માંગ

રાજયના પાટનગર ગાંધીનગરથી ઉત્તર ગુજરાતના મહેસાણા સહિતના અનેક સ્થળોને જોડતા મુખ્ય માર્ગ પર બાલવા ચોકડી પરનું સર્કલ સાઈઝમાં નાનુ હોવાથી અકસ્માતનું જોખમ રહે છે. આ કારણે બાલવા ચોકડીના સર્કલને મોટુ કરવુ જોઈએ તેવી આ વિસ્તારની જનતામાં માંગ પ્રવર્તી રહી છે. આ સાથે ગાંધીનગરની ટાટા ચોકડીથી બાલવા ચોકડી સુધીના માર્ગને ફોરલેન કરવાનુ કામ પણ સત્વરે શરૂ થાય તેવુ આ વિસ્તારના નાગરિકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરથી મહેસાણા, પાટણ, અંબાજી, વડનગર, બનાસકાંઠા, વિજાપુર તથા ઉત્તર ગુજરાતને લગતા મહત્વના સ્થળો વાયા બાલવા ચોકડી થઈને વાહનો પસાર થાય છે. બાલવા ચોકડી પર ગોઝારીયા તથા માણસા જવા માટેનો ખુબજ મહત્વનો ટર્નિંગ છે. તે માટે બનાવાયેલુ સર્કલ ખૂબજ નાનુ હોવાથી છેલ્લા દસ વર્ષોથી ગમખ્વાર અકસ્માતો માટેનું સ્થળ સાબિત થઈ રહ્યુ છે. ગામના વિદ્યાર્થીઓ જેઓ માણસા, ગાંધીનગર જેવા સ્થળોએ દૈનિક અપડાઉન કરનારા વિદ્યાર્થીઓને અકસ્માતનો ભય રહે છે. તેમજ દર વર્ષે ભાદરવા સુદ પુનમનો અંબાજીના મેળામાં લાખોની સંખ્યામાં માઈભક્તો આ માર્ગે પગપાળા યાત્રા કરે છે. જે દરમ્યાન સરકારની આ ગંભીર બેદરકારી ઉડીને આંખે વળગે તેવી સાબિત થાય છે. સત્વરે આ સમસ્યાનું કાયમી સમાધાન થાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

ટાટા ચોકડીથી બાલવા ચોકડી સુધીનો રોડ ફોરલેન બનાવવા માટેની રજુઆતોને ધ્યાનમાં લઈ સરકારે રોડ બનાવવા મંજુરી આપેલ છે. તથા ગ્રાન્ટ પણ ફાળવેલ છે. તો આ બાબતે આટલી બધી બેદરકારીનું કારણ શુ ? હાઈવેના મહત્વ તથા વાહન ચાલકોની સુવિધાને ધ્યાને લઈ તાત્કાલિક અસરથી રોડ પહોળો કરવાની કામગીરી શરૂ કરી દેવી જોઈએ તેવી માગં પ્રવર્તી રહી છે.

## દહેગામના કનીપુર ગામની ગણોતધારાની કલમ ૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગે જાહેરનામુ

ગાંધીનગર, તા.૬

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા અધિનિયમ – ૧૯૪૮ મુજબ ગણોતધારાની કલમ – ૩૨-ગ ની તપાસમાં જે ગણોતીયા જમીન ખરીદ કરવાની ના પાડે કે હાજર ન રહે તેવા સંજોગોમાં જમીનની ખરીદી બિનઅમલી જાહેર કરી જમીનનો કબજો સરકાર પક્ષે લઈ જમીનનો ગણોતધારાની કલમ- ૩૨- પી હેઠળ કાયમી ધોરણે નિકાલ કરવાના થાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કનીપુર ગામની ગણોતધારાની કલમ- ૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગેનું જાહેરનામું દહેગામ તાલુકાના મામલતદાર અને કૃષિ પંચ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જમીનની કિંમત જિલ્લા કલેકટરશ્રી દ્વારા નક્કી કરવામાં આવી છે.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો ૧૯૫૬ નિયમો ૨૧(૧) મુજબ જણાવેલી વ્યક્તિઓ અને મંડળોને જે ગામમાં સંબંધ ધરાવતી જમીન આવી હોઈ તે ગામમાંથી અથવા તે ગામની નજીકના કોઈ ગામમાંથી જેનો ગણોત વહીવટ સમાપ્ત કરેલ હોઈ અને જે જમીન ખરીદવા ખુશી હોઈ ગણોતીયાને. જે સહકારી કૃષિ મંડળીઓના સભ્યો, ખેત મજુરો ભૂમિહીન વ્યક્તિઓ અથવા નાના જમીન ધારણ કરનાર અથવા એ બધામાંથી એકત્ર થયેલી વ્યક્તિઓનો સમૂહ હોય તે સહકારી કૃષિ મંડળીઓને. ખેત મજુરોને, ભુમિહીન વ્યક્તિઓને, નાની જમીન ધારણ કરનારાઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડૂતોને સહકારી કૃષિ મડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડૂતોને. બીજી સહકારી કૃષિ મંડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અશતઃ માલિક અને અશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ક્ષેત્રફળમાં વધારે મોટી હોઈ પણ ટોચમર્યાદા વિસ્તાર કરતા ઓછી જમીન ધારણકર્તા હોય તે ખેડૂતોને અને ખેડૂતો સિવાયની ખેતીનો ધંધો કરવા માંગતી હોય તે વ્યક્તિઓને. આવી વ્યક્તિ અથવા મંડળી અનુસુચિમાં તેની સામે જણાવેલી કિંમત ખરીદવા માટે ખુશી છે કે કેમ? તે બાબત કલેકટરને પહેલા લેખિત જણાવવી આવી કિંમત કલમ – ૩૨ પી ની પેટા કલમ(૫) મુજબ કલેકટર નક્કી કરે તેવા વાર્ષિક હપ્તાઓમાં ભરવાની થશે.

## કલોલમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં સ્ટેશન માર્ગ પર દુકાનમાં બેસીને આઈપીએલની મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૧૭,૫૪૦ રોકડા અને ૫ હજારનો મોબાઈલ મળી કુલ રૂ.૨૨,૫૪૦ નો મુદામાલ કબ્જે કરી સન્ની પંજવાણી અને ભુરા પટેલ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને તેમની ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે એએસઆઈ ધર્મેન્દ્રસિંહ અને કોન્સ્ટેબલ રાજવીરસિંહને ક્રિકેટ સટ્ટા અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે ગુરુવારના રોજ રાત્રે સાડા નવ વાગે સ્ટેશન માર્ગ પર આવેલા સત્કરા પ્રોવીઝન સ્ટોર્સ નામની દુકાનમાં રેઈડ પાડી હતી. જયાંથી સન્ની કનૈયાલાલ પંજવાણી (ઉં.૨૫ રહે.મકાનનં.૨૨ ઈન્દીરાનગર સોસાયટી કલોલ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે યુવકનો મોબાઈલ ચેક કરતા તે એપ્લિકેશન દ્વારા મુંબઈ ઈન્ડીયન્સ અને દિલ્હી કેપીટલ વચ્ચે ચાલી રહેલી મેચ પર સટ્ટો રમી રહ્યો હતો. પોલીસે એપ્લિકેશન અને આઈડી અંગે પુછતા કડીના ભુરા પટેલે આપ્યું હોવાનું જણાવ્યું હતું. આઈપીએલના પ્રારંભ થી જ યુવક સટ્ટો રમે છે. હારજીતના રૂપીયાની લેતી દેતી કલોલ ખાતે થતી હતી. પોલીસે રોકડ રૂપીયા, મોબાઈલ સહિત કુલ રૂ.૨૨,૫૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે વ્યકિત સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



જિલ્લાના શાહપુર ગામે ડીડીઓ શાલિની દુહાન અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે. બી. વદર, કાર્યપાલક ઈજનેરશ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી જી. એ. ધાંધલીયા અને સમગ્ર ટીમ દ્વારા ગટર લાઈન, પેવર બ્લોક, આંગણવાડી, પ્રાથમિક શાળા, જાહેર રસ્તાઓના વિકાસના કામોની ચકાસણી કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન ગામમાં સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરવા, આંગણવાડી કેન્દ્રોની મરામત હાથ ધરવા અને જે વિસ્તારમાં રસ્તા અને ગટર લાઈન ન હોય તેવા વિસ્તારના લોકોની રજૂઆત અન્વયે આ લાભ ઉપલબ્ધ થાય એ અંગે તથા આગામી ૧૫માં નાણાંપંચમાં શાળા અને આંગણવાડીમાં પીવાના પાણી અને શૌચાલયની સુવિધાઓ ઉપલબ્ધ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

## રખીયાલ વૃંદાવન સોસાયટીના મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

### એલસીબી પોલીસે રેઈડ પાડી ૧૫૦ બોટલ ઝડપી પાડી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના રખિયાલ ગામે વૃદાવન સોસાયટીના એક મકાનમાંથી વિદેશી દારુની ૧૫૦ બોટલ એલસીબી પોલીસે ઝડપી પાડી હતી. કૈલાસબેન વિજયસિંહ રાઠોડના ઘરની ઓસરીમાં ખુણામાં પ્લાસ્ટીકની કોથળીઓમાં વિદેશી દારુની નાની મોટી બોટલ મળી આવી હતી. પોલીસે ૨૫,૪૩૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસની ટીમ રખીયાલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે સમય દરમિયાન વુમન લોકરક્ષક ઝીંકલબાને રખીયાલ ગામે રહેતી મહિલા વિદેશી દારુનો વેપાર કરતી હોવાની બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ રખીયાલની વૃંદાવન સોસાયટી ખાતે રહેતા કૈલાશબેન વિજયસિંહ રાઠોડના ઘર પર રેઈડ પાડી હતી. મહિલા તો ઘરે મળી આવી ન હતી. પરંતુ પોલીસે તપાસ કરતા ઓશરીના ખુણામાંથી પ્લાસ્ટીકની કોથળીઓમાં બાંધેલી મળી આવી હતી. જે ખોલીને જોતા અંદરથી અલગ અળગ બ્રાન્ડની વિદેશી દારુની નાની મોટી ૧૫૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૨૫,૩૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી મહિલા બુટલેઘરને પકડી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

## મેટ્રો રૂટ પર ફરજ બજાવતા સિક્યોરિટી ગાર્ડનો પગાર ન થતાં હોબાળો

અમદાવાદમાં મેટ્રો રુટ પર ફરજ બજાવી રહેલા સિક્યોરિટી ગાર્ડે હોબાળો કર્યો છે, કારણ કે તેમનો પગાર છેલ્લા ત્રણ મહિનાથી થયો નથી. તેઓનું કહેવું છે કે તેમને છેલ્લા ત્રણ મહિનાથી ઠાલા વચનો જ આપવામાં આવી રહ્યા છે, પરંતુ પગાર અપાયો નથી. અમદાવાદમાં સિક્યોરિટીનો કોન્ટ્રાક્ટ બીજી કંપનીને સોંપાયો છે.

જળ એ જ જીવન
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર વિજ્ઞપ્તિ
કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, આકાર કોમ્પલેક્ષ શામળાજી રોડ મોડાસા, જી. અરવલ્લીના કચેરીની જગ્યા ફેર બદલી કરવામાં આવતાં હવેથી કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સીવીલ કોર્ટની બિલ્ડીંગ સબજેલની સંસ્થાઓ, પંચાયતો, જાહેર જનતા તથા ઈજારદારશ્રીઓએ નવા સરનામે સંપર્ક તથા પત્ર વ્યવહાર કરવા જણાવવામાં આવે છે.
આજે પાણી બચાવો, આવનાર દિવસોમાં પાણી તમને બચાવશે.
હેલ્પલાઈન નં. ૧૯૧૬
નામાનિ/હિંમત/૩૩૬/૨૦૨૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ